ગાંધીનગર સમાચાર

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



સોરી ડીયર... પાસ ન મળ્યા... લોલીપોપ લાવ્યો છું...!!

# વૈષ્ણોદેવી મંદિરમાં મધરાતે ચોર ઘુસ્યો

**બ્લેક શર્ટ અને બ્લ્યુ જીન્સ પહેરીને રાત્રે દોઢ વાગે મંદીરમાં ઘુસેલો ચોર માતાજીના આભુષણો અને દાનપેટીમાંથી રૂ. ૫૦ હજાર રોકડા ઉપાડીને પોટલું વાળી રાત્રે ત્રણ વાગ્યે ફરાર થઈ ગયો : ચોર કેમેરામાં કેદ**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર-સરખેજ હાઈવે પર સ્થિત વૈષ્ણોદેવી મંદિરમાં ગઈ રાત્રે દોઢ વાગે એક ચોર ઘુસી ગયો હતો અને મંદિરમાંથી માતાજીના આભુષણો તથા દાનપેટીમાંથી રોકડ રૂ. ૫૦ હજાર ની ઉઠાંતરી કરીને એક પોટલામાં માલ મત્તા ભરી રાત્રે ત્રણ વાગ્યે મંદિરની બહાર નિકળ્યો હતો. મંદિરની પાછળની દિવાલ કુદીને ઘુસેલો ચોર મંદિરના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે. અડાલજ પોલીસે મંદિરના ટ્રસ્ટીની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને સીસીટીવી ફુટેજ મેળવી જીન્સ અને શર્ટ પહેરીને આવેલા યુવાન ચોરને શોધી કાઢવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગરના અડાલજ વિસ્તાર નજીક આવેલું જાણીતું વૈષ્ણોદેવી મંદિર સવારે ૭ થી સાંજે ૮ વાગ્યા સુધી ખુલ્લું રહે છે. આ મંદિરને સાંજે બંધ કરીને પુજારી નીકળ્યા અને વહેલી સવારે મંદિરે આવ્યા ત્યાં સુધીમાં મંદિરમાંથી કોઈ દાનપેટીમાંથી રોકડ અને માતાજીના આભુષણો ચોરી કરી ગયું હોવાનું ધ્યાને આવતા મંદિરના ટ્રસ્ટી મુકેશભાઈ રામલભાયા વર્માએ અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ આપી છે. અડાલજ પી.આઈ. કે.કે. પંડયા તેમની ટીમ સાથે સવારે ઘટના સ્થળે પહોંચી ગયા હતા. મંદિરમાં લગાડેલા સીસીટીવી કેમેરાનાં ફુટેજ ચેક કર્યા તો ચોર કેમેરામાં કેદ થયો હોવાનું જોવા મળ્યું હતું. રાત્રે દોઢ વાગે મંદિરની પાછળની દીવાલ કુદીને બ્લ્યુ જીન્સ અને બ્લેક શર્ટ પહેરેલો એક યુવાન ચોર અંદર ઘુસ્યો હતો અને માતાજીના આભુષણો, ચાંદીના છત્તર ઉપરાંત દાનપેટીમાંથી રૂ. ૫૦ હજાર રોકડા મળી રૂ. ૬૦ હજારની મત્તા એક પોટલમાં ભરીને રાત્રે ત્રણ વાગ્યે બહાર ભાગ્યો હતો. દોઢ કલાક સુધી ચોરી ચાલી હતી. અડાલજ પોલીસે ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે ગાંધીનગર શહેરમાં સોલાર લાઈટ બંધ હોવાને મુદ્દે સે. ૨૨ની મહિલાઓએ કાઉન્સીલર અશ્વિન વ્યાસને ઉગ્ર રજુઆતો સતત ૧૫ મિનિટ સુધી કરી હતી.

● ગાંધીનગર શહેરમાંથી કચરો ભેગો કરી વર્મીકમ્પોઝડ ખાતર બનાવતા મનપાને તેની ખરીદીમાં સારો પ્રતિસાદ સાંપડતા તંત્રમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

● આજે રાજયમાં ડેન્ગ્યુનો એક પણ પોઝીટીવ કેસ ન મળતાં તંત્રમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટ વાઈરલ ફિવરમાં સપડાયા છે.

● ગાંધીનગર તાલુકા માટે ભારતીય જનતા પાર્ટીના નિરીક્ષકો દ્વારા બાયોડેટા એકત્ર કરી લેવાયા છે. હવે ૨૬-૨૭ ઓકટો.ના રોજ તે અંગે આગળની કાર્યવાહી થશે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૩૫ કેસ નોંધાયા છે.

● આર.ટી.આઈ. કાયદાના અમલીકરણની ઉજવણીને આજે ૧૦ વર્ષ પૂર્ણ થતાં દશાબ્દી પર્વની ઉજવણી કોંગ્રેસ દ્વારા ઘ-૪ના સર્કલે કરવામાં આવી હતી. જેમાં પ્રદેશ મહામંત્રી નીશીત વ્યાસ, પ્રવક્તા હિમાંશુ પટેલ, સ્થાનિક કાઉન્સીલરો શ્રી પ્રવિણ પટેલ, હર્ષજીત પંડ્યા, ચીમનભાઈ વિંઝુડા, અશોકભાઈ શ્રીમાળી સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા વિજયા દશમી ઉત્સવની આગોતરી ઉજવણી કરાઈ

## સ્વયંસેવકો દ્વારા યોગાસન, રમતો અને શારીરિકના વિવિધ પ્રયોગો રજુ કરાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઉપક્રમે વિજયા દશમી ઉત્સવની આગોતરી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી દરમ્યાન નગરના સ્વયંસેવકો દ્વારા યોગાસન, લાઠીદાવ, દંડયુદ્ધ, શારીરિક પ્રયોગો અને ભારતીય રમતો રજૂ કરવામાં આવી હતી. આ ઉત્સવમાં મુખ્ય અતિથિ-મુખ્ય વક્તા સહિત મોટી સંખ્યામાં નગરજનોએ શસ્ત્ર પૂજન પણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે વિજયા દશમી પર્વ એ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું સ્થાપના દિન પર્વ છે.

આ પ્રસંગે યોજાયેલા જાહેર કાર્યક્રમના મુખ્ય અતિથિ ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર જીલુભા દાંધલે જણાવ્યું હતું કે સંઘની શાખામાં સંસ્કારનું સિંચન કરવામાં આવે છે. ભારતને અખંડ રાખવા સંગઠિત થવું જરૂરી છે. રાષ્ટ્ર અખંડ હશે તો આપણે સુરક્ષિત રહી શકીશું. રાષ્ટ્ર માટે સંપૂર્ણ જીવન સમર્પિત કરે તેવા દિકરા-દિકરીની આજે સમાજને જરૂર છે. જ્ઞાતિના વાડા આપણે ઉભા કર્યા છે. રાષ્ટ્ર હિત માટે તે જોખમકારક છે.

મુખ્ય વક્તા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાતના પ્રાંત સહ સંપર્ક પ્રમુખ હરેશભાઈ ઠક્કરે વિજયાદશમી પર્વનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે નવરાત્રી એટલે મા શક્તિનું ઉપાસના પર્વ. દશેરાના દિવસે ભગવાન શ્રી રામે રાવણનો વધ કર્યો હતો એટલે કે અસત્ય પર સત્યનો વિજય, માનવજીવન-સમાજના મૂલ્યોનું પર્વ. ભગવાન રામે પોતાના ઘરમાં બનેલી ઘટનાને સમાજ સાથે જોડીને સમગ્ર સંઘર્ષ દરમ્યાન વનમાં શબરીના ચાખેલા બોર, વનમાં વાલીનો વધ, જટાયુ અને પરમ ભક્ત હનુમાનની સાથે અને અંતમાં નાની ખિસકોલીને પણ તેમણે પોતાની સાથે જોડીને સમાજ જાગરણનું ભગીરથ કાર્ય કર્યું.

આજે આ સમાજ વિવિધ વિષયોને લઈને વર્ગ વિગ્રહ ઉપર આવીને ઉભો છે. સમાજમાં સમરસતા લાવવા માટે આપણે આપણો વ્યવહાર બદલવો પડે છે. સંવેદનશીલ સમાજનું નિર્માણ કરવું પડશે. સમાજમાં અસ્પૃશ્યતા સૌથી મોટુ દૂષણ છે. તે આપણા તમામના પ્રયત્નોથી દૂર થવું જોઈએ. સંગ કોઈનો વિરોધ નથી કરતો, સંઘ માત્ર હિન્દુ રાષ્ટ્રના નિર્માણ માટે કાર્ય કરે છે. હિન્દુ મુલ્યોના જતન માટે કામ કરતી સંઘની શાખામાં વ્યક્તિત્વ ઘડતર થાય છે. વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ થાય છે.

આ પ્રસંગે જિલ્લા સંઘ ચાલક નરસિંહભાઈ પટેલ, નગર સંઘચાલક મનુભાઈ મોદી સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



## આજે માણસામાં 'આપ'ની બેઠક યોજાશે

આમ આદમી પાર્ટી દ્વારા માણસાના બાલાજી કોમ્પલેક્ષ ખાતે આજે સવારે ૧૧.૩૦ કલાકે આમ આદમી કાર્યાલય ખાતે સંગઠન નિર્માણ અને ચૂંટણી પૂર્વેની સંભવિત ઉમેદવાર પસંદગી પ્રક્રિયા માટે બેઠક યોજાશે. આમ આદમી પાર્ટી માણસાના ઉપક્રમે સંગઠન નિર્માણ અને ચૂંટણી પૂર્વેની સંભવત ઉમેદવાર પસંદગી માટે મહેસાણા લોકસભા વિસ્તાર અંતર્ગત માણસા-વિજાપુર વિધાનસભાના કાર્યકરોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. વિધાનસભાના તમામ મત વિસ્તારોમાં બોર્ડ બુથ મુજબનું સવિસ્તૃત સંગઠન બનાવવા સઘન સક્રિય પ્રચાર ચલાવવામાં આવશે.

## ગાંધીનગર મનપા દ્વારા બાળ પ્રતિભા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરના બાળકોમાં રહેલી આંતરીક શકિત ખીલવવા માટે બાળ પ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૧૫ તેમજ બાળ નાટકનું આયોજન આગામી તા. ૧૯-૧૦-૨૦૧૫ને સોમવારના રોજ ગોપાલક કન્યા વિદ્યાલય સે-૧૫ જલભવનની બાજુમાં કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં શહેરના ૭ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. સવારે ૮ કલાકેથી શરુ થનાર આ સ્પર્ધામાં જોડાવા માટે એન્ટ્રી લાભુભાઈ દેસાઈ શેઠ સી.એમ. હાઈસ્કુલ સે-૨૩, મો. ૯૬૮૭૧ ૩૩૦૩૭નો સંપર્ક કરવો.

## નવરાત્રી દરમ્યાન નગરમાં નવાર્ણ મંત્રલેખનથી માતાજીની આરાધના

શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા પ્રવૃત્તિઓના ભાગરૂપે દર વર્ષે સવા કરોડ 'નવાર્ણમંત્ર' લેખનની પ્રવૃત્તિ કરવામાં આવે છે. નવલી નવરાત્રીમાં માતાજીના મંત્રલેખન કરવાનો મહિમા સવિશેષ છે. તેથી પરિવાર દ્વારા નવાર્ણમંત્ર મંત્રલેખન બુક અને લાલ પેનનું વિતરણ વિના મૂલ્યે કરશે. લલિતભાઈ પટેલના નિવાસસ્થાન ૯૭૬/૨, સે. ૧૩-બી, વિષ્ણુભાઈ પટેલ ૫૬૨/૨, સે. ૨૨, અશોકભાઈ મિસ્ત્રી પ્લોટ નં. ૨૯૦, એસ/૨, સેક્ટર-૨૦, ચંદ્રેશભાઈ ગાંધી પ્લોટ નં. ૯૩૮/૧, સે. ૭-સી, સતિષભાઈ પટેલ પ્લોટ નં. ૮૫૦/૨, સે. ૪-સી, અશોકભાઈ પટેલ પ્લોટ નં. ૩૬૮/૨, કિસાનનગર સે. ૨૬, સુરેશભાઈ પારેખ પ્લોટ નં. ૩૩૨/૨, સે. ૨-બી આ સરનામેથી મંત્રલેખનની કીટ મેળવવાની રહેશે.



એનઆઈસીએમ કોલેજમાં પ્રયાસ ૨૦૧૫ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. એનઆઈસીએમ એમબીએ-૨૦૧૫ ડેવલોપર ગ્રુપ વિજેતા બન્યું હતું. ગ્રુપના વિદ્યાર્થીઓએ આવનાર ભવિષ્યમાં કેવા પ્રકારની પ્રોડકટ અને સર્વિસ લોન્ચ કરી શકાય વિષય ઉપર ભારતમાં ડિજીટલ બ્લડ પ્રોવાઈડ સર્વિસએપ પર પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું.

# ગાંધીનગર-ઈડર બસને ખેડબ્રહ્મા સુધી લંબાવવા મુસાફરોની માંગ

જાદર, તા. ૧૨

ગાંધીનગર એસ.ટી. ડેપોથી સવારે દસ કલાકેથી ઉપડતી ગાંધીનગર ઈડર બસને ખેડબ્રહ્મા સુધી લંબાવવામાં આવે તેવી મુસાફરોમાં માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરના એસ.ટી. ડેપોથી હજ્જારો મુસાફરો મુસાફરી કરે છે. ગાંધીનગરથી રાજ્યના દરેક જિલ્લામાં બસ સેવા પુરી પાડવામાં આવે છે. જેથી રાજ્યનું પાટનગર હોવાથી મુસાફરોની સંખ્યા વધુ હોય છે. શહેરના એસ.ટી. ડેપોથી સવારે મુસાફરોને લઈ જતી ગાંધીનગર ઈડર બસનો ખેડબ્રહ્મા સુધી લંબાવવામાં આવે તેવી માંગ મુસાફરોમાં ઉઠી છે. જેથી ખેડબ્રહ્મા નાના અંબાજી તરીકે જાણીતુ હોવાથી ભક્તોની ભારે ભીડ જોવા મળે છે. નગરની ઈડરની બસને ખેડબ્રહ્મા સુધી બસને લંબાવવામાં આવે તો અભ્યાસ કરતા યુવાનો, કર્મચારીઓને લાભ મળે તેમ છે. જ્યારે ઈડર સુધીની બસ હોવાથી ત્યાં મુસાફરોને ઉતરી બીજી બસ પકડી ખેડબ્રહ્મા મુસાફરોને પહોંચવુ પડે છે. ગાંધીનગર ઈડર બસને ખેડબ્રહ્મા સુધી લંબાવવામાં આવે તો મોટી સંખ્યામાં મુસાફરોને લાભ મળે તેમ છે.

## ખેતરના મકાનમાં દાગીના મુકવા જતી મહિલાને સાપ કરડયો

ગાંધીનગર નજીક આવેલા છાલા ગામની મહિલા ગઈ રાત્રે પોતાના ખેતરમાં નવા બનેલા મકાનમાં દાગીના મુકવા જઈ રહી હતી ત્યારે અંધારામાં સાપ કરડી જતાં ગંભીર હાલતમાં તેણીનો પતિ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ આવ્યો હતો. જો કે હોસ્પિટલમાં મહિલાનું મૃત્યુ થઈ ગયું હતું. છાલા ગામમાં રહેતી મહિલા નિલમબેન ડી. ઠાકોર સોમવારે પાવાગઢ દર્શન કરવા જવા નિકળવાની હતી. જેને પગલે હાલ જયાં રહે છે ત્યાંથી દાગીના લઈને ખેતરમાં નવા બનેલા મકાનમાં દાગીના મુકવા માટે જઈ રહી હતી. નિલમબેન રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં ત્યાં પહોંચી તો અંધારામાં સાપે ડંખ મારી દેતા ઘાયલ નિલમબેનને પતિ તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયો હતો. તબીબે તેણીને મૃત જાહેર કરી હતી.



**પ્રેમનાં ગીત ગઝલની રસાળ રજૂઆત સાથેની મહેફિલ જામી**

ગાંધીનગર સાહિત્ય સભાને આંગણે પાટણના નિવૃત્ત પ્રાધ્યાપક અને અકાદમી પુરસ્કૃત કવિ જીતેન્દ્ર વ્યાસ અધ્યક્ષ ભરત કવિના આમંત્રણને માન આપી પધાર્યા હતાં. જીંદગીના વિવિધ તબક્કે પ્રેમને ગીત ગઝલ દ્વારા આલેખી એની એમણે રસાળ રજૂઆત કરી હતી. એમના લખેલા ત્રણ કાવ્યોને કડી કેમ્પસના ડૉ. સોમભાઈ પટેલે રાગ-રાગીણી સાથે લલકારી મહેફિલ સંગીતમય બનાવી હતી.આ મહેફિલમાં કવિ કિશોર જીકાદરા, રમણભાઈ વાઘેલા, રમણલાલ શ્રીમાળી અને સંજય થોરાતે પણ એમની કૃતિઓ રજુ કરીને મહેફિલને ચાર ચાંદ લગાવી દીધા હતા. ગુજરાતી સાહિત્યના પ્રચાર-પ્રસાર માટે કાર્યરત ગાંધીનગર સાહિત્ય સભા શબ્દોના સર્જકોને સન્માન બક્ષી સુંદર કાર્યક્રમ યોજે છે.



વિદ્યાર્થીજગતમાં આજકાલ સ્કેટીંગ પ્રત્યેનું આકર્ષણ વધી રહ્યું છે. શૌર્ય અને સાહસિકતાનું પ્રતીક ગણાતી સ્કેટીંગ સ્પર્ધાના રસિકોની સંખ્યા પણ વધી રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લાની કલોલ સ્થિત હોલી ચાઈલ્ડ સ્કુલના બાળકોએ ચાર સુવર્ણચંદ્રક તેમજ ત્રણ રૌપ્ય ચંદ્રક મેળવી શાળા અને જિલ્લાનું ગૌરવ વધારતાં રમતપ્રેમીઓએ તેમને હરખથી વધાવી લીધા હતા.

# વીસીના નામે ધમધમતી નાણાંકીય પ્રવૃત્તિ

**નોંધણી કે કોઈ પણ જાતના આધાર પુરાવા વગરની આ પ્રવૃત્તિ ફકત વિશ્વાસ પર ચાલે છે**

ગાંધીનગર, તા.૧૨

રાજયના દરેક શહેરોમાં નાના મોટા ધંધાદારીઓ વચ્ચે વીસી નામની નાણાંકીય બચતની પ્રવૃત્તિ ઘણા વર્ષોથી ચાલી રહી છે. વિશ્વાસના પાતળા તંતુ ઉપર ચાલતી આ પ્રવૃત્તિ મહદ અંશે દિવાળીથી દિવાળી બાર માસની નક્કી હોય છે. દસથી વધારે સભ્યોના મંડળ ધરાવતી આ પ્રવૃત્તિમાં દરેક સભ્ય બચતના હેતુથી સામેલ થાય છે. જેમાં સભ્યો પૈકી ગમે તે એક વ્યકિત તમામ નાણાંનો વહીવટ કરે છે. આ પ્રવૃત્તિ નોંધણી વગર અને કોઈ પણ જાતના આધાર પુરાવા વગર ચાલે છે જેથી ઘણી વાર નાણાં ગુમાવવાના પ્રસંગો બનવા પામ્યા છે છતાં પણ આ પ્રવૃત્તિ હાલ ખુબ જ વેગવાન બની છે અને સભ્યોની જરૂરિયાત આધારે મળતા નાણાં ઉપર વ્યાજ નક્કી થતું હોવાથી મુડી, વ્યાજ અને જરૂરિયાત એ આ પ્રવૃત્તિનું સબળ પાસુ બન્યું છે.

રાજયમાં ખુબ જ મોટા પાયે બેંક કે નાણાંકીય સંસ્થાઓના સહારા વગર જો કોઈ પ્રવૃત્તિ નાણાંની ચાલતી હોય તો તે વીસી છે અને આ વીસી બાબતે સૌ કોઈ માહિતગાર છે. પરંતુ વીસીનો અર્થ કોઈ જાણતું નથી. આ વીસી અંગેનો અર્થ સૌ પ્રથમ આ અખબાર થકી અત્રે પ્રસ્તુત છે. જેમાં વીસી એટલે 'વેન્ચર કેપીટલ'. વેન્ચર મતલબ સાહસિક કાર્ય અથવા આપવાનું સાહસ કરવું તે થાય છે અને કેપીટલ એટલે મુડી આમ પોતાની અમુલ્ય મુડીને આપવાનું સાહસિક કાર્ય એટલે વીસી. અઢળક નાણાંકીય સ્તોત્રોથી ભરેલી આ વીસી પ્રવૃત્તિ વિશ્વાસ ઉપર ધમધમી રહી છે. દરેક મહિને એક હજારથી માંડીને એક લાખ સુધીની રકમ હપ્તા પેટે ઉભા કરાયેલા મંડળના વહીવટકર્તા સભ્યને સોંપવાનું સાહસ કરવાનું હોય છે.

આ પ્રવૃત્તિમાં દસથી વધારે સભ્યો નક્કી કરેલી રકમનો હપ્તો દર મહિને આપવાનો હોય છે. જેમાં એકઠી થયેલી રકમની સભ્યો વચ્ચે બોલી બોલાય છે જેમાં જરૂરિયાતવાળો સભ્ય એટલે કે જે સૌથી વધુ બોલી બોલે તેને જે તે મહિનાની રકમ સોંપી દેવાય છે. જેથી દા.ત. એક લાખ રકમ ભેગી થઈ હોય અને બોલી બોલનાર ૮૦૦૦૦માં લેવા તૈયાર થાય તો વીસ હજાર રૂપિયા સભ્યો વચ્ચે વ્યાજ આવતું હોય છે. પરંતુ દરેક સભ્ય એવું માને છે કે જે વ્યાજ મળે તે પરંતુ બચત થાય તે અગત્યનું છે અને જરૂરિયાત સમયે મોટી રકમ મળે તે મોટી રાહત છે. વિશ્વાસથી ચાલતી આ પ્રવૃત્તિમાં કોઈ પણ જાતની નોંધણી કે આધાર પુરાવા રખાતા નથી. છતાં પણ રાજયમાં બેંકો કરતા પણ મોટું કામકાજ આ પ્રવૃત્તિ મારફતે થાય છે. પોતાની મહામુલી મુડીને વિશ્વાસના આધારે સોંપી દઈ થઈ રહેલી વીસી નામની પ્રવૃત્તિ થકી નાના મોટા વેપારીઓએ મકાન, દુકાન કે લગ્ન જેવા ખર્ચાળ પ્રસંગો પાર પાડયાના દાખલા મોજુદ છે ત્યારે આ વિશ્વાસ અકબંધ રહી બચત અને જરૂરિયાતનો હેતુ બર થાય તે ઈચ્છનીય છે.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
FOR HEALTHY CONSTRUCTION
TATA
STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ